ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ચકલી ચાંચે જાગે તડકો;
ચીં ચીં કરતો ભાગે તડકો.
પુષ્પે પુષ્પો પ્યાસ મહકતી;
ઝાકળ પીને ભાગે તડકો !

બેન્યાઝ ધ્રોલવી.

### પાથેય

## તડકાનું સૌંદર્ય

- રમેશ ઠક્કર

સૂરજની સાથે સરકતો દિવસ અવનવી છટાઓ ધારણ કરતો રહે છે..બાફ ઉકળાટ બફારો તાપ કે તડકો એ એના વિવિધ મૂડ છે.આ બધામાં લાડકો એ તડકો જ હોય છે..પડછાયો એના ઉપર ઓવારી જતો હોય છે એટલે જ એની સાથે ને સાથે એ લાંબો ટૂંકો થયા કરે છે..ઝાકળ એ એનું મનગમતું ડ્રિંકસ છે..ઝાકળ પીને કામ ઉપર ભાગતા તડકો સ્ફૂર્તિના ફુવારા જેવો લાગે છે..શિયાળાની સવારનો તડકો વ્હાલસોયા બાળક જેવો લાગે છે..ઉનાળાના આગમને એ લાલચોળ કોઈ યોધ્ધા જેવો લાગે છે..કવિઓનેમન તડકાની વિવિધ છટાઓ વિસ્મયના કેન્દ્ર જેવી હોય છે..એને શબ્દોમાં પરોવવા માટે એ હંમેશાં તત્પર હોય છે..

ચોમાસે ભીનું થતું આકાશ થોડોક સમય ગમે..ઝરમરનો ઝણઝણાટ પણ અલ્પ સમય ગમે..જો એ લંબાય તો બેચેન કરી જાય...માણસની તડકાની આત્મીયતા અનોખી હોય છે..એના વગર લાંબો સમય જીવવું સહજ નથી હોતું..વરસાદ અને વહુ માટે જગતના બે માપદંડો હોય છે..વહુ કામ કરવાવાળી હોય તો પણ સાસુને ના ગમે..અને જો કામકાજમાં સુસ્ત હોય તો પણ એનું આવી બને..વરસાદ જો વિલંબ કરે તો પણ માણસો કકળાટ કરી મુકે..આપણી અનેક યાચનાઓ અને કાકલૂદી પછી એ મન મુકીને વરસવા માંડે તો શરૂઆતમાં આપણે હરખાઈ જઈએ પણ એ જો મુકામ લંબાવે એટલે આપણો અણગમો શરૂ..! સતત લંબાયેલી હેલી પછીના તડકાનું આચમન અદકું હોય છે...અને એટલે જ ઉઘાડ લેતું આકાશ આપણી તલાશની પરિપૂર્તિ જેવું હોય છે. ઉતરતા ચોમાસાનો જે સમય હોય છે એ આમ તો વરસાદના ઉઘાડબંધનો નજારો હોય છે..એ વખતે તડકો એનો વટ જમાવવાની કોશિશ કરતો હોય ત્યાં આકાશી વિખૂટી પડેલી વાદળીઓ એને ભગાડી મૂકતી હોય છે.,!આકાશ એકદમ એકદમ સ્વચ્છ સ્નાન કર્યા પછીની સ્ફૂર્તિ જેવું લાગે છે..કયાંક ઝરમર કયાંક ફોરાં તો વળી કયાંક એકદમ કરફયુ મુકિત જેવી સંપૂર્ણ રાહત એમ ચોમાસું એની લીલા આટોપતું રહે છે..અગલે બરસ મિલેંગે જેવી આમ તો એની અદા હોય છે. અને એ રીતે જ એનું ચક્ર ચાલતું રહે છે.ક્યારેક વચાળે પડી જતો કમોસમી વરસાદ એ એની હતાશા જેવો હોય છે ! આપણી ભાષામાં એને માવઠું કહે છે..તડકો એ સમયે જરીક ઝંખવાણો બની જાય છે પણ ભલભલા અષાઢની હેલીની નાગચૂડમાંથી આબાદ નિકળી જતો મોહક તડકાની સામે માવઠાની ક્ષણિક મોહમાયાની શી વિશાત ? !તડકો એની હયાતી સાથે હણહણાટ કરતો જ રહે છે અવિરત. કવિઓ અને લેખકો માટે તડકો એ હંમેશાં વિસ્મયનું કેન્દ્ર રહ્યો છે.લાભશંકર ઠાકર જેવા કવિ તો એની ઉપર લયબધ્ધ રીતે ઓવારી જાય છે.'પરોઢના ઝાકળનો તડકો પીગળે..! પીગળે,પીગળે પડછાયાના પ્હાડ !' દિવસભર આકાશની ગતિ સાથે પોતાનું હાડ ઓગાળતો તડકો પડછાયા રૂપી પ્હાડને પણ ઓગાળતો રહે છે..તડકાના રંગોને પારખવા આસાન નથી..આપણે એને પકડી શકતા નથી..એ પારેવડા જેવો ભોળો છે..ચકલી જેવો ચંચળ છે..એટલે જ કવિ કહે છે કે એને અટકવા જઈએ તો એ ચીં ચીં કરતો ભાગે જાય છે ! તડકાનું સજીવારોપણ કરતા સર્જકો એની જીવંતતાને શબ્દસ્થ કરવા સતત તત્પર હોય છે. વૈશાખ જેઠના ઉકળાટથી ભાદરવાના ઉતરાર્ધના ઉઘાડ સુધી ચોમાસાના અવનવા રંગો જોયા પછી પ્રકૃતિનો એક અનોખો મિજાજ પ્રગટતો હોય છે જે કયારેક સંધ્યા સમયે ખીલી ઉઠતા મેઘધનુષમાં છવાઈ જતા જોવા મળે છે..સાંજ વેળાએ પડછાયો એનો પીછો છોડી પોતાની જાતને સંકરતો જાય છે..જીવનનો સાર પામી ગયેલા કોઈ મહાત્માની માફક એની લીલા સંકેલાતી રહે છે.તડકો પણ પછી તો વિરક્ત ભાવ અનુભવે છે..આખા દિવસની અનેક ઉથલપાથલ સામે અડીખમ બાથ ભીડતો તડકો પડછાયાનો વિરહ જીરવી શકતો નથી અને ધીમેધીમે એ પણ પોતાનો લીલા સંકેલવાનું શરૂ કરે છે..મોડી સાંજે દૂર કોઈ ટેકરીઓની વચ્ચે ડૂબકી મારતો સૂરજ એને આખરી સંકેત આપે છે અને તડકો નિષ્ક્રિય બનીને ફેરવાઈ જાય છે અંધકારમાં !

# યુક્રેન અને ગુજરાત : અસ્મિતાની આકરી તાવણી

**તંત્રીસ્થાનેથી...**

એક તરફ યુક્રેનના રાષ્ટ્રપિતાનો લડાયક, ખતમ અને ખુવારીવાળો ચર્ચિલ બ્રાન્ડ ચહેરો ચમકી રહ્યો છે, બીજી તરફ જીદ પર ચડેલા એક સમયના મહાસત્તાના વર્તમાન મહાનાયકની યુદ્ધ જીતી અને યુક્રેનને ઘૂંટણિયે પાડી દેવાની લાલસાની ફલશ્રુતિ લેખે આખી દુનિયામાં મચી રહેલી ઉથલપાથલ - જેમાં અમેરિકાની મૂંઝવણ યુકેની સ્પષ્ટ નીતિ ઊડીને આંખે વળગે એ હદે બોલકી બની રહી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ બ્રિટિશ સંસદને વિડિયો કૉલિંગથી સંબોધતાં ચર્ચીલની એ ખુદ્દારી અને પ્રચંડ આત્મવિશ્વાસ સાથે મેદાન-એ-જંગમાં હાર્યા છતાં ટકી રહેવાનો મેસેજ અનુસરતાં હોવાનું જણાવી રશિયાને આતંકવાદી દેશ જાહેર કરવાની અને યુક્રેનના હવાઈ મથકો બચાવી લઈ વધુ લશ્કરી સહાયની માગણી કરે છે. પોતાની ભૂમિ બચાવવા જાન ફેસાની પર ઊતરી આવેલા આ રાષ્ટ્રનાયક હવે ઈતિહાસનું સોનેરી દૃષ્ટાંત બની જશે. એ મહાન બ્રિટિશ નાટ્યકાર શેક્સપિયરની કાલજયી કૃતિ 'હેમ્લેટ' નો વિખ્યાત ડૉયલોગ ટાંકીને 'ટુ બી' - પોતાની હયાતીનો પુરસ્કાર કરે છે. તેલની આયાત બંધ કરી રશિયાને પાયમાલ કરવાનો નિર્ણય જો બાઈડેન શાસન દ્વારા લેવાઈ ચૂક્યો છે અને હજી એક પછી એક નવા પ્રતિબંધોની પરંપરા ચાલુ રાખી રશિયાને એની હેસિયત બતાવવા અમેરિકા અને યુરોપ કૃતસંકલ્પ છે. રશિયાને વિશ્વની અલગથલગ પાડી દેવાની દુનિયાની આખી તાસીર બદલાઈ જવાની છે. ચીન સાથે મળીને એ પોતાની ઈકોનોમી અને લશ્કરી તાકાત ટકાવી રાખવા મથશે. યુક્રેનનાં નષ્ટભ્રષ્ટ નગરોને પુનઃસ્થાપિત થતાં વર્ષો લાગી જશે. આખરે યુદ્ધ એ યુદ્ધ છે. એ સંહારલીલાથી કયારેક કોઈનું કલ્યાણ થયું નથી એ માનવજાત સમજે છે. એવાં મહાકાવ્યો અને સાગાઓ રચે છે અને છતાં પાછી યુદ્ધની ચુંગાલમાં ફસાઈ જાય છે. ઈલિડય - ઓડિસી, મહાભારત કે ટૉલ્સ્ટોયની મહાનવલ 'વૉર એન્ડ પીસ' દુનિયાને યુદ્ધની વિભીષિકા વિશે ફક્ત ચેતવી શકે છે - એ યુદ્ધ અટકાવી શકતાં નથી. શું આ કોઈ નાનીસૂની વિડંબના છે ? ફોક્સ યુક્રેનથી હટાવી ઘર આંગણે ચાલી રહેલી અમાનુષી અને અત્યાચારી પ્રવૃત્તિઓ પર લાવીએ તો નજરે પડે છે અમદાવાદના માધુપુરા વિસ્તારમાં ધોડે દહાડે થતી કરપીણ હત્યા. સુરતની ગ્રીષ્મા જેવી જ બદકિસ્મત કોઈ મહિલાને ઉપરાછાપરી છરીના ઘા ઝીંકી મોતની સોગાત આપતા નિષ્ફળ, એક તરફી પ્રેમ કહાનીનો કરુણ અંજામ. પ્રેમ શું લોહીનો તરસ્યો હોઈ શકે ? પણ આવી ઘટના તો બરાબર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે જ બની છે. પોલીસ થાણાની પાસે જ બની છે ! પોલીસના પણ બે પરસ્પર વિરોધી ચહેરા સામે આવ્યા છે. રાજકોટ પોલીસ ગણિકાઓને સન્માનિત કરી એ ગંદા ધંધામાંથી ઉગારવા મથે છે. ગણિકાઓ જ પોલીસ કમિશનરને કેક કાપી ખવડાવે છે. અમદાવાદના જાણીતા પોલીસ સ્ટેશનમાં મહિલા એડવોકેટની સાથે અભદ્ર વ્યવહાર શરૂ થાય છે. એનો પણ 'વહીવટ' કરી દેવાની ધમકી અપાય છે ! વિધાનસભા પર મોરચો લઈ જતી કોંગ્રેસ સેવાદળની મહિલાઓને ગોપનીય અંગો પર માર મારતી પોલીસ સામે બનાસકાંઠાનાં વીરાંગના ધારાસભ્ય પુણ્યપ્રકોપ ઠાલવે છે. શું આ આપણું, ગાંધીનું, સરદારનું, દયાનંદ સરસ્વતીનું અને નરેન્દ્ર મોદીનું ગુજરાત છે ? ઈંદુચાચા એમની તીખી તમતમતી જવાબમાં 'ભુક્કા' કાઢી નાખવાની વાત કરતા એવા નેતાની જરૂર નથી શું ? ગુજરાતની અસ્મિતા મહાભારતની દ્રૌપદીની જેમ એની લાજ લૂંટાતી બચાવવા કયા કૃષ્ણને પોકારશે ? યુક્રેન અને ગુજરાત, રિપીટ જેલેન્સ્કીનું યુક્રેન અને મોદીનું ગુજરાત અસ્મિતાની આકરી તાવણીમાંથી પસાર થઈ રહ્યાં હોય એવું નથી લાગતું?

### દિન મહિમા

- વિશ્વ કિડની દિવસ
- કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ સ્થાપના દિવસ

આજનું

### ઔષધ

- મધમાખીના ડંખ ઉપર મીઠું ચોપડવાથી પીડા મટે છે.

### ખડખડાટ

- લડકી : આટા હૈ ?
  દુકાનદાર : પંતજલિ કા હૈ
  લડકી : મુજે આશીર્વાદ ચાહીએ
  દુકાનદાર : સદા સુહાગન રહો.

આજનો

### વોટ્સએપ

- પરિશ્રમ આપણને ત્રણ આફતોમાંથી ઉગારે છે 'કંટાળો', કુટેવ અને જરૂરિયાત. 'શુભ સવાર'

# સેવા એ સ્વાર્થનું બહુવચન છે, સ્વાર્થ એ સેવાનું એક વચન છે




**માણસ ખોજત મેં ફિરા, માણસ કા બરા સુકાલ,**
**પર જા કો દેખે દીલ ઠરે, તાકા પરીયા દુકાલ.**
**- સંત કબીર**

● ● ●

ઘણીવાર કેટલાક અનુભવો પરથી એવું દૃઢ થતું જાય છે કે - સમાજમાંથી માણસાઈ મરી પરવારી છે, નરી સ્વાર્થાંધતા વકરી છે. જો કે સાતમે પડદે પણ કોઈ સ્વાર્થ ન જ હોય એવું કદી સંભવે ખરું ?! નિરપેક્ષ - નિરાકાંક્ષ પ્રેમ કરનારો વર્ગ કેટલો ?!

લગભગ આ દૃશ્ય સર્વવિદિત છે.... એક-બે વર્ષનું બાળક, પોતાની ઉંમરનું બીજું કોઈ બાળક ઘરમાં આવે તો પોતાને ગમતાં મનપસંદ રમકડાં પોતાની પાસે રાખી લે છે કે સંતાડી દે છે. - આ જ બતાવે છે કે સ્વાર્થવૃત્તિ જન્મજાત હોય છે - અને રહેવાની જ... પરંતુ વકરતી જતી નરી સ્વાર્થાંધતા માનવજાતને વિનાશ ભણી લઈ જશે એ નર્યું સત્ય છે.

દોસ્તો, આજે આપણે એટલા નિજી સ્વાર્થ બન્યા છીએ કે આપણી પાસે સમય જ નથી. બીજા માટે જીવવાની વાત તો દૂર પણ બીજાને આપણે માટે પણ થોડોય સમય નથી. માણસ એકંદરે લુખ્ખો - સૂક્કોને એકાકી થતો જાય છે. ઘણીવાર તો માણસ હોવા છતાં માણસ હોવાનોય ભ્રમ થાય છે, ઢગલાબંધ નકારની વચ્ચે કયારેક ચપટી હકાર ચાખવા મળે એવા કેટલાય જાત અનુભવો પણ છે જે હૈયાને ટાઢક આપે છે.

એસ. ટી. બસની મુસાફરી દરમિયાન ટિકિટ લીધા પછી વધેલા એક-બે રુપિયા પાછા માગવા એ હક્ક છે ખરો પણ ઘણીવાર છૂટા ન હોવાને કારણે કંડકટર પછી આપવાનું કહીને ભૂલી જાય તો ફરી સામેથી માંગતા શરમ લાગે છે, પણ કંડકટર સામે ચાલીને પૈસા આપવા આવે ત્યારે તો ખૂબ રાજીપો થાય... આ કંઈ મોટી વાત નથી પણ સહજ ભાવે 'થેંક્યુ' 'Thank You' કહેવાની ઈચ્છા થઈ આવે.

આમ તો આપણે સૌ સંસ્કાર અને સંસ્કૃતિની મસમોટી ગુલબાંગો પોકારીએ છીએ. ગર્ભ સંસ્કારથી માંડીને અંતિમ સંસ્કાર સુધીના બધા જ સંસ્કારોનું જ્ઞાન ધરાવનારી આ સનાતની સભ્યતાના 'Public Toilet' - (પબ્લિક ટોઈલેટ્સ) તો જોઈને ચીતરી ચડે. ઓછા નામે આપણાં સંતાનોને સ્વચ્છતાના સંસ્કાર આપીએ તો કેવું!!

શબરીના એંઠા બોર ખાતા રામજીની કથાવાર્તા તો આપણે વાગોળ્યા કરીએ છીએ પણ આપણા મોટા સાહેબો ઓફિસના સેવક સાથે જમવા બેસે કે એના ટીફીનની વાગની ચાખે એવું સુભગ દૃશ્ય જોવા મળે ખરું ?!!

એવા દાકતર સાહેબો જોયા છે જે વીઆઈપી પેશન્ટની તપાસ ખૂબ કાળજીપૂર્વક અડધો-પોણો કલાક કરે અને મજૂર જેવા મેલાઘેલા - દરિદ્રનારાયણ દર્દી સાથે સાવ તોછડું વર્તન કરતા જોઈ હૈયું ચિરાઈ જતું હોય છે! તો સામે પક્ષે રણમાં મીઠી વીરડી સમા દેવદૂતોય ભળ્યા છે કે જેઓ ગરીબ દર્દીઓના પૈસા જતા પણ કરે છે. આજકાલની up to date- અદ્યતન ગણાતી પ્રજા પોતાનાં સંતાનો આયાને સોંપી પાળેલાં કૂતરાં ગોદમાં લઈ ઘૂમતાં હોય છે. પાલતું કૂતરાને મનગમતું ભોજન પીરસનારાં પોતાનાં ચોકીદારને વધ્યું - ઘટ્યું નહીં તાજું જમવાનું આપે છે ખરાં ? પોતે હોટેલમાં જમે એ જ હોટેલમાં પોતાના ડ્રાઈવરને જમાડનારાં કેટલાં ?!

ખેર, આખરે મનુષ્ય માત્ર કામ, ક્રોધ, મદ, મોહથી ગ્રસ્ત છે. એટલે દેવત્વ ઘટ્યું ને શેતાનિયત વધી. ત્રેતાયુગમાં રામનો સમાજ 'માણસાઈ' દાખવી શક્યો હતો ? દ્વાપરયુગમાં માણસાઈ હોત તો મહાભારત ખેલાત ખરું ? આજે પણ દુનિયાના દેશો એકબીજાને ગ્રસી જવા ઉતાળવા - અધીરા થઈ મોતનું તાંડવ ખેલી રહ્યા છે, એ જ બતાવે છે કે દુનિયામાંથી સહિષ્ણુતા, વિવેક અને માનવતાને દેશવટો લઈ લીધો છે. ઉઘાડે છોગ બળાત્કાર, ચોરી, લૂંટ, વિશ્વાસઘાત, દગો, પ્રપંચ, સ્વજનોની ઘાતકી હત્યા અને માનવતાયે ખુદ શરમાય એવી ક્રૂર ઘટનાઓ જ બતાવે છે કે માણસાઈ મરી પરવારી છે.

'પડે છે ત્યારે સઘળું પડે છે' એ ન્યાયે શતમુખ વિનિપાતમાંથી સમાજને કોણ ઉગારશે ? માનવ સમાજ નીતિયુક્ત બને મતિભ્રષ્ટ થતો અટકે એ માટે કલ્યાણકારી સંતો-ભગવંતો, સમાજસેવીઓ અને માનવજાતની ભેખધારી સંસ્થાઓએ અનુકરણીય આદર્શો ચરિતાર્થ કરવા કમર કસવી પડશે... માણસ પોતે જ માણસાઈનો ઉપાસક બને, સત્ય અને કર્તવ્યનિષ્ઠ બને, પારિવારિક જીવનમાં સદ્‌ગુણોનો ઉજાશ પાથરે એ માટે એકનું નવું ભાવાવરણ સર્જવું પડશે.

દોસ્તો, દલીત, પીડિત, વંચિત, શોષિત - જેવા શબ્દો માનવ સમાજ સિવાય કૃષિ-કીટ, જીવજંતુ કે પશુ-પક્ષી જગતમાં જોવા મળે ખરાં ?! માણસે માણસને કેવો અધમ બનાવી દીધો... આ વંઠેલ સંતાનો જોઈને ઈશ્વર પણ આંસુ સારતો હશે !!!

**સ્પર્શમણિ :**

સેવા એ સ્વાર્થનું બહુવચન છે, સ્વાર્થ એ સેવાનું એક વચન છે.

● ● ●

કોઈની મજબૂરીમાં માણસાઈ રાખવી... કારણ કે મજબૂર તે માણસ છે, તેનો 'ભગવાન' મજબૂર નથી.

● ● ●

દાન આપીને મહાનતા લેવી સસ્તી છે પરંતુ 'વ્યવહાર' સાચવીને માણસાઈ બતાવવી થોડીક અઘરી છે!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# લક્ષ્મીજી કમળ છોડીને કાદવમાં પધાર્યાં!




શહેરની એ પ્રતિષ્ઠિત એંજિનિયરિંગ કોલેજમાં બીજા સત્રની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ હતી. ભાવિ એંજિનિયરો ગળાડૂબ તૈયારીમાં પડ્યા હતા.

પણ ભાવિ એંજિનિયરો પણ આખરે તો યુવાન હતા ને! બાજુમાં જ આવેલી બીજી એક પ્રતિષ્ઠિત આર્ટ્સ કોલેજના ઝાંપામાંથી આવતી-જતી કન્યાઓ તરફ ન ઈચ્છે તો ય એક નજર તો ફેંકાઈ જ જતી! ને કન્યાઓ ય કમ્પ્યુટરવાળાને પસંદ કરવો કે સિવિલવાળાને- એ મીઠી મૂંઝવણમાં મૂકાઈ જતી!

પણ સુકેશી દોશી જેનું નામ, મજાલ છે કે કોઈ એની સામે તાકીને જોયા કરે ને એ સહન કરી લે! એક વખત તો ગગન ગુપ્તાએ હિંમત કરીને કહી દીધેલું, "સુકેશી, શું કહું? તમને જોયાં ત્યારથી તમે સીધાં મારા દિલમાં ઊતરી ગયાં છો. તમે રોજ રાત્રે મારા સપનામાં આવો છો. રોજ સવારે તમને જોવા હું તમારી કોલેજના ઝાંપા આગળ ઊભો રહું છું. આજ તો સાથે ક્યાંક બહાર કંઈક ખાવા જઈએ ને થોડી વાતો કરીએ એવી મારી ઈચ્છા છે."

દૂર પાછળ ઊભેલા એના દોસ્ત વિનયે મયંકને તાળી પણ આપી દીધી, "અલા.... ગજબ આ ગગનિયો તો! હવે તો પેલી ગઈ! છોકરીઓને હીરો જેવી હરકતો કરતા છોકરાઓ ગમતા હોય છે!"

પણ સુકેશી જરા જુદી માટીની બનેલી હતી. એણે બધાં વચ્ચે જ ગગનના ગાલ ઉપર તમાચો જડી દીધેલો, "પહેલાં તો મને મારા નામથી બોલાવવાની હિંમત જ તેં કેમ કરી? પ્રેમ એ નાજુક સ્પંદન છે, બધાંની વચ્ચે ધજાગરા કરવાની ચીજ નહીં. તારા જેવા કેટલાય મારી કોલેજના ઝાંપા આગળ ઊભા રહે છે. એ બધાંને આ એક જ વારમાં મારો જવાબ છે. રહી વાત કંઈક ખાવાની તો આ તમાચો ખાધા પછી તને બીજું કંઈ ખાવાની ઈચ્છા નહીં રહે!"

એ પછી વિનય તરફ પાછળ ફરીને એ મોટેથી બોલી, "દોસ્તે હીરોગીરી કરી એના આનંદના અતિરેકમાં ઊંચે અવાજે બોલતાં પહેલાં જરા વિચારજે! અને હા, છોકરીઓને હીરો જેવી હરકતો કરતા હોય એવા નહીં, "હિરોઈઝમ" ધરાવતા છોકરાઓ ગમતા હોય છે." કોલેજના ઝાંપા આગળ સન્નાટો છવાઈ ગયો. 'આ અગ્નિના નારીરૂપને જે કોઈ છેડશે એનું "સ્વાહા" નક્કીહ્ન એ વણલખ્યું બોર્ડ કોલેજના ઝાંપે લાગી ગયું!

ને ત્યાર પછી ગગન ગુપ્તા ગગનમાં ગાજતો થઈ ગયેલો! ફક્ત સુકેશીની જ નહીં, એ એની પોતાની કોલેજમાં પણ ક્યારે ય ડોકાયો નહીં! બાકીના છોકરાઓ ચોરી-છૂપીથી સુકેશીને જોઈ લેતા પણ આંખ માંડીને વાત કરવાની હિંમત હવે કોઈથી ય થાય એમ નહોતી!

સુકેશીને જોયા વગર તો ચાલે એમ હતું નહીં, કારણકે એ જેવા તીખા સ્વભાવની સ્વામિની હતી એવા જ અનરાધાર રૂપની મૂર્તિ પણ હતી! એમ કહો કે એની ઉપર મહાલક્ષ્મી, મહાકાલી અને સરસ્વતી -ત્રણે ય મહેરબાન હતાં! ગગનવાળા એપિસોડમાં એનું રૌદ્ર રૂપ દેખાયેલું, સાહિત્યના અભ્યાસને લીધે એની વાણી સ્પષ્ટ હતી અને શહેરના જાણીતા બિઝનેસમેનની પુત્રી હોવાને લીધે એની ઉપર મહાલક્ષ્મીના ચારે હાથ હતા!

એ જ્યારે કોલેજમાં પોતાની મોંઘીદાટ કારમાંથી રેશમી કેશ લહેરાવતી ઊતરતી ત્યારે છોકરાઓ જ નહીં પણ છોકરીઓ પણ એને જોઈ રહેતી! આમ તો એ સો પ્રતિશત સુંદર હતી પણ એમાં ય એના કેશ એક ટકો વધારે લઈ જાય એવા હતા! અને એ સત્ય એ સુપેરે જાણતી હતી. એટલે એ પોતાના વાળની સંભાળ પણ વધારે રાખતી હતી. છેક કમર સુધી લહેરાતા એના વાળને ધૂળ અને તડકાથી બચાવવા એ હંમેશાં આછો દુપટ્ટો માથે ઢાંકતી. બુધ્ધિશાળી તો એ હતી જ એટલે એની નજર કોણ કોણ એને નીરખી રહ્યું છે એની બરાબર નોંધ રાખતી.

અને એના રડારમાં એક દિવસ સ્પર્શ શાહ પકડાઈ ગયો. એટલા માટે નહીં કે એ એને નીરખી રહ્યો હતો, એટલા માટે કે એ એને નહોતો નીરખી રહ્યો! બાજુની કોલેજમાં મિકેનિકલ એંજિનિયરિંગનું ભણતો સ્પર્શ કોલેજ આગળ આવેલા બસ-સ્ટોપ પર બેસીને પરીક્ષાનું વાંચી રહ્યો હતો. આજ સુકેશીની કાર બગડી જવાને લીધે એ પણ કારમાં નહોતી આવી. એ બસ-સ્ટોપ આગળ આવી. ત્યાં ઊભા રહેલાં અને બેઠેલાં તમામ લોકોમાં ગણગણાટ ચાલુ થઈ ગયો. "આજે સૂરજ કઈ બાજુ ઊગ્યો છે! લક્ષ્મીજી કમળ છોડીને કાદવમાં પધાર્યાં!" પણ સ્પર્શ આ બધી વાતોથી બેખબર હતો.

સુકેશીને જરા નવાઈ લાગી. પહેલી વાર કોઈકે એની હાજરીની નોંધ નહોતી લીધી. એણે સામે ચાલીને વાતની શરૂઆત કરી, "એક્સ્ક્યુઝ મી, તમે જરા કહેશો કે આંબાવાડીની બસ કેટલા વાગે આવશે?" સ્પર્શે સ્હેજ હસીને કહ્યું, "મેડમ, હું આંબાવાડી નથી રહેતો એટલે મને એની ખબર નથી." સુકેશી છોભીલું હસી, "આ તો મને એમ કે તમે અહીં બેઠા છો તો તમને કદાચ ખબર હોય!" સ્પર્શના ચહેરા ઉપર પરિપક્વતા હતી, "હા, હું રોજ અહીંથી જ બસમાં બેસું છું પણ મને મારા કામથી કામ હોય છે. બિનજરૂરી વસ્તુઓની નોંધ હું રાખતો નથી."

સુકેશીને આ માણસ દિલચસ્પ લાગ્યો. પછી તો રોજ સુકેશીની કાર બગડવા લાગી! ધીમે-ધીમે બંને જણાંની મુલાકાતો વધતી ચાલી. સ્પર્શને પણ આ તેજ-તર્રાર અને બુધ્ધિશાળી છોકરી ગમી ગઈ હતી. તો સામે પક્ષે મિકેનિકલ એંજિનિયરિંગમા ભણી રહેલા સ્પર્શની સંસ્કારિતા અને સમજદારીએ સુકેશીનું દિલ જીતી લીધું હતું.

અનુસંધાન પાના નં. ૭ પર

# આયુર્વેદમાં ગરમાળો




ઉનાળાની શરૂઆત થઈ રહી છે. વાતાવરણ બદલાઈ રહ્યું છે. આવા સમયે અમુક વૃક્ષો પૂરબહારમાં ખીલી ઉઠે છે, તેમાનું એક વૃક્ષ એટલે ગરમાળો. ગરમાળો ઉનાળુ ઝાડ છે. ઉનાળા દરમિયાન ગરમાળો ખૂબ શોભાયમાન લાગે. તેના પીળા પુષ્પગુચ્છ ખૂબ સંદર લાગે. ગાંધીનગરમાં રોડની બંને બાજુએ ખૂબ ગરમાળા જોવા મળે છે. ક્યારેક ઉનાળાની બપોરે કોઈ કામસર નીકળવાનું થાય તો ગરમાળાની શોભા જોજો.. દિલખુશ થઈ જશે.

આજે આયુર્વેદ મુજબ ગરમાળાના વૈદ્યકીય ઉપયોગો વિષે જાણીએ. ગરમાળાને સંસ્કૃતમાં 'આરગ્વધ' કહે છે. આરગ્વધ એટલે 'જે રોગને મટાડે છે તે..' આ ઉપરાંત સંસ્કૃતમાં ગરમાળાના બીજા નામો પણ છે જેમકે શમ્પાક(જે કલ્યાણકર્તા ફળ આપે છે તે), કૃતમાલ (જે સુંદર પુષ્પોની માળા ધારણ કરે છે તે), ચતુરંગુલ (જેના પર્વોનું પ્રમાણ ચાર અંગુલ છે તે), સ્વર્ણભૂષણ (જે સ્વર્ણ સમાન પુષ્પોના ભૂષણ ધારણ કરે છે તે). ગરમાળાનું લેટીન નામ 'કેસિયા ફિસ્ચુલા' છે. તેને 'પર્ગીંગ કેસિયા' પણ કહે છે.

ગરમાળાનો સ્વાદ મધુર અને થોડો કડવો હોય છે. તેની પ્રકૃતિ ઠંડી છે. ગરમાળો પિત્તનું શમન કરનારો છે. મહર્ષિ ચરકે ગરમાળા વિષે કહ્યું છે કે "ગરમાળો મૃદુ વિરેચન કરવામાં શ્રેષ્ઠ છે" મૃદુ વિરેચન એટલે બહું ભારે ન પડે તેવું, મૃદુતાપૂર્વકનું વિરેચન કરે તે. આયુર્વેદમાં એવા ઔષધો છે કે જે તીવ્ર વિરેચનીય છે. જેનાથી પેટમાં ચૂંક પણ આવે અને વિરેચનના ઘણાંબધા વેગ આવે. તેની સાપેક્ષે ગરમાળો બહું મૃદુ છે. બાળકો, વૃધ્ધો, ક્ષીણ થયેલ રોગીઓ આદિને વિરેચનાર્થે ગરમાળો ખૂબ હિતકર છે.



વિરેચન માટે ગરમાળાનો ગોળ અપાય છે. ગરમાળાની લાંબી શીગો થાય છે. તેને ખોલતા તેમા ગોળ પૈસા આકારની પતરીઓ હોય છે. આ પતરીઓ પર ગોળ જેવો પદાર્થ ચોંટેલો હોય છે. આને જ ગરમાળાનો ગોળ કહે છે. ટુંકમાં, ગરમાળાનો ગોળ એ ગરમાળાની ફલમજ્જા છે. આયુર્વેદ પ્રમાણે દરેક રોગ પાચનતંત્રની નબળાઈથી થાય છે. આવા સમયે ગરમાળાના ગોળનું નિયમીત સેવન કરવામાં આવે તો પેટ સાફ રહે છે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. તાવ-ઈન્ફેક્શન આદિમાં પેઈનકીલર જેવી દવાઓ ખાવાથી ઘણાં લોકોને કબજીયાત થઈ જતી હોય છે. આવા વખતે પણ ગરમાળાની ફલમજ્જાનું યોગ્ય ડોઝનું સેવન હિતકર છે. આ ઉપરાંત વા-દુખાવા, શરીરની નબળાઈ, મરડો, અપાચન, સોજા, ચામડી પરની ખંજવાળ આદિ જેવા રોગોમાં પણ ગરમાળાના ગોળનાં નિયમીત સેવનથી લાભ થાય છે.

(M) 9879471147

# રોકાણકારોની સૌથી મોટી સમસ્યા, સૌથી મોટો દુશ્મન એ પોતે જ હોય છે




આજકાલ જેને જુઓ એ શેર બજાર અને સ્ટોક માર્કેટની ચર્ચા કરતું જોવા મળે છે. અહીંયા સ્ત્રીઓ કદાચ અપવાદ હોય શકે પણ પુરુષોની વાત કરું તો અપવાદ રૂપ જ એવા હશે જે આ માયાથી પોતાની જાતને બચાવી શક્યા હોય.

રોકાણ તો સૌ કરે છે પણ એમાં સફળ કોણ થાય છે? કોઈ એવી ડિગ્રી કે કોઈ એવી કૉલેજ ખરી જે ખાતરી આપતી હોય કે અમારે ત્યાંથી ભણીને ગયેલા લોકો એક કે બે વરસમાં જ હજારના લાખ અને લાખના કરોડ બનાવી શકશે? આવી બાહેંધરી કોઈ નથી આપતું. દુનિયાનો કોઈ એન્જિનિયર કે કોમર્સ ગ્રેજ્યુએટ કે ચાર્ટડ એકાઉન્ટન્ટ એમ નથી કહી શકતો કે આ શેરનો ભાવ આ તારીખે આટલો હશે. શેર બજારમાં બધું જ અનિશ્ચિત છે અને તોય લોકો એ અનિશ્ચિતતામાં જ આશા જુએ છે.

આપણે રૂપિયા એ એક ભૌતિક વસ્તું છે એ ભૂલી જઈ એની સાથે લાગણીથી જોડાઈને નિર્ણયો લઈએ છીએ. કોઈ વિદ્યાર્થી શેર બજારમાં નાણાં રોકી રહ્યો હોય તો વિચારશે કે બે પાંચ વરસમાં મને આટલું વળતર મળશે જ જેનાથી મારા હનીમુનનો ખર્ચ નીકળી જશે. કોઈક નવો પરણેલો રોકાણ કરશે ત્યારે વિચારશે કે થોડાક સમયમાં આટલા રૂપિયા બનાવી લઉં તો નવું ઘર ખરીદવું છે એના ડાઉન પેમેન્ટની વ્યવસ્થા થઈ જાય. કોઈ પિતા એના સંતાનની કૉલેજની ફી નીકળી જાય એટલી રકમની ઈચ્છા રાખીને રોકાણ કરશે તો કોઈકને દીકરી માટે કરિયાવર ભેગું કરવાની ચિંતા શેર બજાર ભણી ખેંચી લાવે છે.

આ બધામાંથી કોઈ કોઈની ઈચ્છા પૂરી થઈ પણ જાય અને કોઈક રહી પણ જાય. અહીંયાં ભૂલ ક્યાં થાય છે એ કહું, લાગણીમય બનીને રોકાણ કરનાર માર્કેટ હાલ કેવી પરિસ્થિતિમાં છે અને આગળ જતા એના શું હાલહવાલ થશે એ એમની જરૂરિયાત મુજબ વિચારીને નક્કી કરે છે. મોટા ભાગના લોકો માર્કેટની હાલમાં ખરેખર જે હાલત હોય એની ઉપર શૂન્ય પોઈન્ટ એક ટકો અને એમણે એમના મનમાં જે ધારી લીધું હોય એ ઉપર નવ્વાણું ટકા વિશ્વાસ મૂકીને નિર્ણય લે છે.

તમે કોઈને એવું કહેતા સાંભળ્યા હશે કે, મેં ફલાણી કંપનીના આટલા શેર ખરીદી લીધા છે બે વરસ રહીને હું નિવૃત્ત થઈશ ત્યારે એની કિંમત આસમાને હશે. એ ભાઈ બે વરસ રહીને નિવૃત્ત થવાના છે એ સાચું છે અને એ કેમ સાચું છે એનું કારણ હું પૂછું તો એ તરત જવાબ આપી શકશે. ખાતરીપૂર્વક એમની નિવૃત્તિની તારીખ જણાવી શકશે હવે ધીમે રહીને હું બીજો સવાલ પૂછું કે, તમે જે કંપનીના શેર ખરીદ્યા છે એ બે વરસ બાદ સોનાની લગડી જેવા કેમ થઈ ગયા હશે, ત્યારે એ કોઈ ચોક્ક જવાબ નહીં આપી શકે. થોડુંક વિચારીને એ કદાચ જવાબ આપે, શેર બજારમાં રોકાણ કરનાર વાતો કરવામાં જબરા ઉસ્તાદ થઈ જાય છે, પણ બોદો, શક્યતાઓથી ઘેરાયેલો જવાબ. મને એવું લાગે છે એ કંપની ગ્રોથ કરશે, બધા કહે છે એમાં નાણાં રોકવા જોઈએ, એ વખતે મારે રૂપિયાની જરૂર પડશે અને મને લાગે છે કે આ કંપની મારી જરૂરિયાત પૂરી કરી શકશે, મને અંદરથી એવું લાગે છે કે આ કંપની ખૂબ આગળ જવાની...

કોઈ કંપની આગળ વધે એની પાછળ બીજા જે પણ પરિબળ જવાબદાર હોય એ તમારી અનુકૂળતા મુજબ કામ નથી જ કરતી એ હકીકત છે. કઈ ઘડીએ કયા શેરના ભાવ ઊંચાઈએ હશે એનો જવાબ ખરું જોવો તો કોઈની પાસે નથી. હા તમે અનુમાન ચોક્કસ લગાવી શકો અને એ માટે તમારે એ કંપની કેવી રીતે કામ કરે છે, ભવિષ્યના એના શું શું પ્લાન છે અને એ ખરેખર એના પ્લાનિંગ પ્રમાણે આગળ વધી શકશે કે કેમ એ જોવું ખૂબ જ જરૂરી છે. આજે કેટલાય લોકો આખો દિવસ શેર માર્કેટ પર નજર રાખતા હોય છે અને એમાંથી એક સારી રકમ કમાઈ પણ લે છે એ લોકો ક્યાં રોકાણ કરવું એનો નિર્ણય કેવી રીતે લે છે એ એમને પૂછી જોજો. જવાબ ખરેખર રસપ્રદ મળશે અને એ તમારે જાતે જ પૂછવું પડશે હું કહું એ જ સાચું માની લેવાની ભૂલ હું તમને નહીં કરવા દઉં.

તમને આજનો આ લેખ કદાચ કંટાળાજનક લાગ્યો હશે. શરૂઆતમાં કંઈક જાણી લેવાની વૃત્તિથી વાંચવા લાગી ગયા હશો અને ઉપરનો ફકરો વાંચી થયું હશે કે અરે આ તો અમને પણ ખબર હતી, તમે શું નવાઈની વાત કરી? આ જે કંટાળો આવ્યો એનું કારણ મારો લેખ નહીં પણ તમારી કોઈ એક નુસખો જાણી લઈ ઝડપથી અમીર થઈ જવાની લાલસા છે. જે જ્ઞાન કોઈ યુનિવર્સિટી નથી આપી શકતી, કોઈ મોટામાં મોટો ઉદ્યોગપતિ નથી પામી શકતો, હજારો વાર રૂપિયા ગુમાવ્યા બાદ પણ એક દિવસ તો નસીબ આડેનું પાંદડું હટશે જ એમ વિચારી ફરી નવું રોકાણ કરનાર નથી મેળવી શક્યા એ તમને કોઈ એકાદ લેખ વાંચીને ક્યાંથી મળી જવાનું!

દરેક માણસની વિચારવાની રીત જુદી હોય છે, એની બુદ્ધિ અને જે સંજોગ વચ્ચે એ ઉછર્યો હોય એને આધારે તે નિર્ણય લે છે. ગરીબાઈ જોઈને આવેલી વ્યક્તિ એની બધી મૂડી લગાવી દેતાં પહેલાં એ ઘુમાવી બેસીશ તો શું થશે એ રિસ્ક ઉપર સો વાર વિચાર કરશે અને પછી નિર્ણય લેશે. પહેલેથી જ સુખ સાહ્યબીમાં ઉછરેલી વ્યક્તિ વિચારશે, "નો રિસ્ક નો ગેઈન' અને એ જોખમ લઈ લેવાનું નક્કી કરશે. અહીંયા કોની હાર થઈ કે કોની જીત થઈ એ મહત્વનું નથી પણ તમે જોખમ લેવા વિશે જે નિર્ણય કર્યો એ

અનુસંધાન પાના નં. ૭ પર